ગુજરાત વેપારી મહામંડળ

# Gujarat Chamber of Commerce & Industry

Azadi Ka Amrit Mahotsav

| Hemant Shah | Pathik Patwari | Sanjeev Chhajer | Sachin Patel | Mahesh Puj | Navroz Tarapore |
|---|---|---|---|---|---|
| President | Sr. Vice President | Vice President | Hon. Secretary | Hon. Secretary (R) | Hon. Treasurer |


તા. 16 ફેબ્રુઆરી, 2022/ 15197

**શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજ્ય
સચિવાલય
ગાંધીનગર.

**વિષય : ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી વિવિધ યોજનાઓ અંતર્ગત Registered એકમોને SGST ની રકમ Utilize કરવાની સમય મર્યાદા લંબાવવા અંગે**

માનનીય મુખ્યમંત્રીશ્રી,

GCCI તરફથી શુભેચ્છાઓ.

છેલ્લા લગભગ બે વર્ષથી કોરોના મહામારી ને કારણે રાજ્યના ઉદ્યોગો વિવિધ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે . ગુજરાત સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્વારા કોરોના મહામારી ને કારણે થયેલ નુકશાનને ધ્યાનમાં રાખીને ખાસ રાહત પેકેજ પણ જાહેર કરવામાં આવ્યા છે જેનાથી ઉદ્યોગોને અને ખાસ કરીને MSME એકમો ને આ કપરા સમયમાંથી પસાર થવામાં મદદ પણ મળી છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ પ્રોત્સાહનો તથા યોજનાઓ જાહેર કરવામાં આવેલ હતી , આ ગત બે વર્ષમાં કોરોના મહામારીને કારણે બધા જ એકમોના ઉદ્યોગો આંશિક રીતે અથવા સંપૂર્ણ પણે ઠપ્પ થયા છે . જેને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર દ્વારા તેમની ઘણી યોજનાઓ જેમકે Start Up ની નીતિ , NHAI એ પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટેની સમય મર્યાદા તેમજ બીજા એજન્સીઓ જે કેન્દ્ર સરકાર સાથે કાર્યરત છે તેઓને તેમના કામ સંપૂર્ણ કરવા માટે સમય મર્યાદા લંબાવી આપવામાં આવી હતી. આપણુ ગુજરાત રાજ્ય પણ કેન્દ્ર સરકાર સાથે ખભેથી ખભો મેળવી આ બધી યોજનાઓની સફળતામાં સહાય કરી રહી છે અને ગુજરાત રાજ્ય દ્વારા પણ વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અને સહાય નીતિઓ જાહેર કરવામાં આવેલ છે .

આ વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અને સહાયની નીતિઓમાં કેપિટલ સબસિડી, વ્યાજ સહાય અને પાવર સબસિડી માટેની સમયમર્યાદા લંબાવવા થી રાજ્ય સરકારની તિજોરી પર નાણાકીય ભારણ પડે છે. પરંતુ SGST Reimbursement ની સહાય માં રાજ્ય સરકારમાં જે SGST ભરવામાં આવે છે તેને જ Reimbursement પેઠે સહાય કરવામાં આવે છે જેની ચોક્કસ લિમિટ નક્કી કરેલી હોય છે જેના કારણે સરકારની તિજોરીને કોઈપણ પ્રકારનું નાણાકીય ભારણ પડતું નથી. કોઈપણ સરકાર એવું તો નથી જ ઈચ્છતી કે તેમની જાહેર કરેલી યોજનાઓ કે નીતિઓનો ઉદ્યોગો/એકમો લાભ ન લઈ શકે.

ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી વિવિધ નીતિઓ અંતર્ગત મળવાપાત્ર સહાય માં ઉદ્યોગો દ્વારા ભરેલ SGST ની રકમ Reimbursement પેટે પરત કરવામાં આવે છે તે SGSTની રકમ જે તે પોલિસી અંતર્ગત અમુક સમય મર્યાદા માં utilize કરવાની / વાપરી લેવાની હોય છે. ગત બે વર્ષથી કોરોના ના કારણે ઓછું વેચાણ તેમજ ઉત્પાદન પ્રક્રિયા સામાન્ય રીતે ચાલુ ન હોવાથી ઉદ્યોગો દ્વારા આ SGST ની લીમીટ , Registered એકમો , ચોક્કસ સમયગાળામાં પુરૂ વાપરી શકે તેમ નથી.

આથી આપ શ્રી ને નમ્ર વિનંતી છે કે ઉપરોક્ત પરિસ્થિતિને ધ્યાનમાં લેતા નીચેની પોલિસી અંતર્ગત આપવામાં આવતી SGST ની રકમ utilize કરવાની સમય મર્યાદા ઓછામાં ઓછું એક વર્ષ માટે લંબાવવામાં આવી જોઈએ.

1. ગુજરાત ઔધોગિક નીતિ 2015 માં Incentive to Industries સહાય યોજના.
2. ગુજરાત ટેકસટાઇલ નીતિ 2012
3. માંદા એકમો માટેની સહાય
4. એરોસ્પેસ ડિફેન્સ નીતિ
5. પ્લાસ્ટિક ઉદ્યોગ માટેની સહાય યોજના
6. લેબર ઇન્ટેન્સિવ ઉદ્યોગો માટે ની સહાય યોજના
7. પેન્શન યોજના
8. તેમજ ગુજરાત ઔધોગિક નીતિ 2015 હેઠળની અન્ય યોજનાઓ
9. ઉદ્યોગોને લગતી અન્ય યોજનાઓ અને નીતિઓ.

ઉપરોક્ત યોજનાઓ/નીતિઓ અંતર્ગત Registered એકમો ને SGST ની રકમ utilize કરવાની સમય મર્યાદા લંબાવવાથી રાજ્યના ઉદ્યોગોને મોટી રાહત મળશે અને વિકાસને વેગ મળશે.

આ બાબતે આપશ્રીને જરૂર જણાય તો વિગતવાર ચર્ચા માટે આપનું અનુકૂળ સમય ફાળવવા વિનંતી છે.

આપના સકારાત્મક નિર્ણયની અપેક્ષા સહ,

હેમંત શાહ
પ્રમુખ

**નકલ રવાના:**

**1. શ્રી જગદીશભાઈ પંચાલ,** માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા), ગુજરાત સરકાર

**2. ડો. રાજીવ કુમાર ગુપ્તા, IAS,** અધિક મુખ્ય સચિવ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકાર

**3. ડો. રાહુલ ગુપ્તા, IAS,** ઉદ્યોગ કમિશ્નરશ્રી, ગુજરાત સરકાર